## જન્મદિને વધામણી



જે એમ રૂપારેલ
મો. ૯૮૨૫૪ ૪૪૧૩૩



લક્ષ્મીબેન મુરલીધર વાધવાણી
ઉપસચિવ, નર્મદા જળસંપત્તિ અને પાણી પૂરવઠા વિભાગ
મો. ૯૮૯૮૦ ૧૨૬૯૨



હરીશ કલવાણી
મો. ૯૮૯૮૦ ૧૨૬૯૨



નમ્રતા જે ઠાકોર
મો. ૮૧૫૩૦ ૮૯૬૪૮



જયવીર
મો. ૮૧૫૩૦ ૮૯૬૪૮

### અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘનો ધમાકેદાર વાર્ષિકોત્સવ યોજાયો

# ભાગ્ય લખવા જોઈએ પ્રેમની પાટી





## કૃણાલ વ્યાસ નિર્મિત-જયેશ પંચોલી દિગ્દર્શિત શૉર્ટ ફિલ્મ 'થેંક યુ પપ્પા' અને કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક 'અનારકલીનો સ્વયંવર' કાર્યક્રમને મનોરંજક બનાવી ગયા

ગાંધીનગર, તા. ૩૦

અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ, ગાંધીનગર જિલ્લા શાખાનો વાર્ષિક કાર્યક્રમ શેઠ શ્રી ખીમજી વિશ્રામ હૉલ, સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩ ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં સભ્યો માટે બેટી પઢાઓ વિષયક શૉર્ટ ફિલ્મ અને મહિલાપ્રધાન નાટક જેવા મનોરંજક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વાર્ષિકોત્સવ પવિત્ર યાત્રાધામ વિકાસ બૉર્ડના ચૅરમૅન મહેન્દ્રભાઈ ત્રિવેદીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો, જેમના હસ્તે દીપ પ્રાગટ્યથી આ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ, ગાંધીનગર જિલ્લા શાખાનાં પ્રમુખ શર્મિષ્ઠાબેન દવેએ સ્વાગત પ્રવચન કર્યું હતું. અધ્યક્ષસ્થાનેથી બોલતાં મહેન્દ્રભાઈ ત્રિવેદીએ આ કાર્યક્રમમાં સામાજિક સંદેશ સાથે શૉર્ટ ફિલ્મ અને નાટક જેવી મનોરંજક કૃતિઓ પ્રસ્તુત કરી રહેલા ગાંધીનગરના સઘળા કલાકારોને અભિનંદન આપ્યા હતા અને તેમની કીર્તિ દેશના સીમાડાઓ બહાર પ્રસરે એવા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે જ્યોતિ મહિલા મંડળનાં પ્રમુખ લતાબેન ચોક્સી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગર્લ્સ હૉસ્ટેલ કો-ઑર્ડિનેટર કૌશલ્યાબેન પરીખ, શૉર્ટ ફિલ્મ 'થેંક યુ પપ્પા'ના નિર્માતા કૃણાલ વ્યાસ, દિગ્દર્શક જયેશ પંચોલી, અભિનેતા જનક ઠક્કર ('સુરી' ટીવી સિરિયલ ફેઈમ) અને નાટ્યકાર કુંતલ નિમાવત ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્‌ઘાટન વિધિ બાદ પ્રથમ શૉર્ટ ફિલ્મ 'થેંક યુ પપ્પા' પ્રદર્શિત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ ફિલ્મના સઘળા કલાકાર-કસબીઓ તો ગાંધીનગરના છે જ, પરંતુ ફિલ્મનું લેખન પણ શહેરના જ સાક્ષર પ્રણવ જોષીપુરાએ કર્યું છે અને ગીત ધ્વનિલ પારેખે લખ્યું છે. 'ભાગ્ય લખવા જોઈએ પ્રેમની પાટી, ક્યાં સુધી રમ્યા કરું ધૂળ ને માટી' શબ્દો ધરાવતું સંવેદનશીલ અને સુરીલું ગીત પ્રેક્ષકોનાં હૃદયને સ્પર્શી ગયું હતું અને એટલી જ સ્પર્શી ગઈ હતી ફિલ્મમાં અભિનય કરતી બે બાળાઓ - શર્વિ વ્યાસ અને હિનમ પ્રજાપતિ.

ફિલ્મ બાદ કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત-અભિનિત પૂર્ણ લંબાઈનું નાટક 'અનારકલીનો સ્વયંવર' પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. આ નાટક પણ સંપૂર્ણપણે ગાંધીનગરનું સર્જન છે, જેમાં કુંતલ નિમાવત લિખિત બે સુંદર ગીતો પણ સમાવિષ્ટ છે. 'હાસ્યના રસ્તા પર ચાલીને સ્ત્રીના દિલ સુધી પહોંચતી લાગણીભરી વાત' કહેતું આ નાટક પ્રેક્ષકોની લાગણી જીતવામાં અને એમને પેટ પકડીને હસાવવામાં સફળ રહ્યું હતું.

આ નાટકમાં હિમાની માંકડ, મયુર ભાટીયા, મૌન સાધુ, ફાલ્ગુન નંદા, બ્રિજરાજસિંહ ઝાલા, દિવ્યકાન્ત વર્મા અને કુંતલ નિમાવતે અભિનયનાં અજવાળાં પાથર્યાં હતાં. રોનક સુતરિયાએ સંગીત અને આકાશ ગોહિલે લાઈટ સંચાલન, કરિશ્મા પાટડીયા, આયુષી ડાભીએ મેક-અપ, નીકિતા પરમાર-ધ્રૃવ પંચાસરાએ નેપથ્યની તથા અભિનવ વાઘેલા અને સાગર દેસાઈએ પ્રૉડક્શનની જવાબદારી સંભાળી હતી. આ બંને કૃતિઓને માણવા આયોજક સંસ્થાનાં અગ્રણી મંદાબેન ધોળકિયા, મંજુલાબેન ભલગામી, પ્રતિમાબેન શાહ, હોદ્દેદારો, સભ્ય બહેનો, શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓનાં મહિલા અગ્રણીઓ તથા સર્વ વિદ્યાલય ગર્લ્સ હૉસ્ટેલની વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. સમગ્ર કાર્યક્રમનું સંકનલ, સંચાલન સંસ્થાનાં સહમંત્રી ચેતના બુચ દ્વારા કરવામાં આવ્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ઢીશૂમ
૧૨.૩૦, ૩.૩૦
૬.૪૫, ૧૦.૪૫
**સ્ક્રીન-૨**
કબાલી (હિન્દી)
૩.૪૫, ૬.૩૦
ઢીશૂમ
૧.૩૦, ૯.૩૦
**સ્ક્રીન-૩**
ધી બીએફજી
(૩ડી-અંગ્રેજી)
૧૦.૪૫, ૧૦.૦૦
ધી બીએફજી
(૩ડી-હિન્દી)
૩.૧૫, ૭.૪૫
ઘોસ્ટબસ્ટર્સ
(૩ડી-અંગ્રેજી)
૧.૦૦, ૫.૩૦
**સ્ક્રીન-૪**
મદારી
૧૨.૩૦, ૩.૪૫, ૧૦.૦૦
સુલતાન
૬.૧૫
**સ્ક્રીન-૫**
ઢીશૂમ
સવારે ૧૦.૦૦
કબાલી (હિન્દી)
૧૨.૩૦, ૯.૩૦
સુલતાન
૩.૧૫
મદારી
૬.૩૦



વેસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડીંગ ઈન-ચીફ તરીકે નિમાયેલા વાઈસ એડમિરલ ગિરીશ લુથરાએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

વાઈસ એડમિરલ ગિરીશ લુથરાએ ફ્લેગ ઓફિસર કમાન્ડીંગ ઈન-ચીફ તરીકે કાર્યભાર સંભાળ્યા પછી રાજ્યપાલશ્રી સાથેની તેમની આ પ્રથમ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

## આઈટીઆરના ૧૩૦૦થી વધુ વિદ્યાર્થીઓએ થેલેસેમિયા ચેક-અપ કેમ્પનો લાભ લીધો



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત એલડીઆરપી-આઈટીઆર કૉલેજમાં વિદ્યાર્થીઓ માટે એનએસએસ પ્રોગ્રામ ઑફિસર નૌરિન વૈપન્ના અને એનએસએસના સ્વયંસેવકો દ્વારા રોડક્રોસ સોસાયટીના સહકારથી થૅલેસેમિયા ચૅક-અપ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કૅમ્પનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં થેલેસેમિયા વિશે જાગૃતિ લાવવાનો હતો, જે માટે રેડક્રોસના અગ્રણી સુકેતુ મહેતા દ્વારા વિદ્યાર્થીઓનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સંસ્થાના ચૅરમૅન વલ્લભભાઈ પટેલના સહયોગથી આ કૅમ્પનો સંપૂર્ણ ખર્ચ ટ્રસ્ટ દ્વારા ઉપાડી લેવામાં આવ્યો હતો.



ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ સેક્ટર-૨૩ અને વિદ્યા લાયબ્રેરીના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓની વાંચન પ્રત્યેની રૂચિ કેળવાય અને તેમનો સર્વાંગી વિકાસ થાય એવા ઉમદા હેતુથી પુસ્તક પ્રદર્શન તથા વેચાણના એક સુંદર કાર્યક્રમનું આયોજન થઈ ગયું. કોલેજનાં આચાર્ય અમૃતાબહેન પટેલના હસ્તે વિદ્યા લાયબ્રેરીના ચેરમેન પ્રદીપસિંહ વાઘેલા, ઉપાચાર્ય ડૉ. પ્રણવભાઈ જોષીપુરા તથા સ્ટાફ સભ્યો અને વિદ્યાર્થીનીઓની હાજરીમાં પ્રદર્શનને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. કોલેજની તમામ વિદ્યાર્થીનીઓએ આ પ્રદર્શનને ઉત્સાહભેર નિહાળ્યું હતું અને જ્ઞાન-વિજ્ઞાન, સાહિત્ય તથા જીવનલક્ષી વિવિધ પુસ્તકોની મોટા પ્રમાણમાં ખરીદી પણ થઈ હતી. આ સમગ્ર આયોજન સફળ બનાવવામાં મહિલા કોલેજનાં ગ્રંથપાલ મયૂરી પટેલ તથા સર્વ સ્ટાફ સભ્યોનો ફાળો પ્રસંશનીય રહયો.

### કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ ખાતે

# યુવાઓ માટે આદર્શ નાગરિક વિષય પર શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૩૦

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન દ્વારા મેનેજમેન્ટ અભ્યાસની સાથે સાથે વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટે સાતત્ય પૂર્વક અવનવી પ્રવૃતિઓ કરવામાં આવે છે. જેના ભાગરૂપે આજે પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજી પ્રેરિત સ્વાધ્યાય પરિવારના સહયોગથી વિદ્યાર્થીઓને પર્યાવરણ ની જાળવણી તેમજ તેનાં સંવર્ધન માટે વિદ્યાર્થીઓને ધાર્મિક વિચારો ને સાંકળીને ખુબ ઉપયોગી માહિતી આપી હતી. વૃક્ષોની જરૂરિયાત તેમજ તેનાથી સમગ્ર માનવ સમાજને થતા અસંખ્ય ફાયદા વિસ્તૃત રીતે સમજાવ્યા હતા.

કોલેજ તરફ થી આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિએ સૌને આવકાર્યા હતા. આપણી સંસ્થા હંમેશા વિદ્યાર્થીઓને શિસ્ત, સમર્પણ, સમન્વય તેમજ સંઘર્ષ બાબતે તૈયાર કરતી રહી છે. ત્યારે આવા જ સમાજ ઉપયોગી કાર્ય કરનાર લોકો સાથે મળી યુવાનોએ તેમની કારકિર્દીની સફળતા સાથે પરોપકારની ભાવના આત્મસાત કરવી જોઈએ. અત્રે ઉલ્લેખનીય છે કે કોલેજ અવાર નવાર વર્ષ દરમ્યાન અનેક કાર્યક્રમો નું આયોજન કરતી રહે છે. આજનાં કાર્યક્રમમાં કુલ ૭૦૦ વિદ્યાર્થીઓને જોડવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ એક જ સમયે ૯.૦૦ થી ૧૦.૦૦ દરમ્યાન એકસાથે ૧૨ કલાસમાં સ્વાધ્યાય પરિવારનાં ૨૪ સેવાર્થીઓ અને બીબીએ કોલેજના શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક સ્ટાફના સહયોગથી ખુબ જ સફળતા પૂર્વક સંપન્ન થયો.

## વિદ્યાર્થીઓને પોતાની સર્જનાત્મક પ્રતિભા લોકો સમક્ષ દર્શાવવાની અમૂલ્ય તક

ગાંધીનગર, તા. ૩૦

હરેકૃષ્ણ મંદિર, ભાડજ, અમદાવાદ દ્વારા હેરિટેજ ફેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ હેરિટેઝ ફેસ્ટ કાર્યક્રમ વિદ્યાર્થીઓને સર્જનાત્મક અને કંઈક નવું કરવાની ધગશને એક અદભૂત તક પૂરી પાડે છે. હરેકૃષ્ણ મંદિર ખાતે બાળમંદિરથી લઈને ધોરણ-૧૦માં ભણતા વિદ્યાર્થીઓ માટે તા. ૬ ઓગસ્ટથી ૭ ઓગસ્ટ તથા ૨૫ ઓગસ્ટથી ૨૬ ઓગસ્ટ, ૨૦૧૬ એમ એક મહિના સુધી ચાલનાર આ સાસ્કૃતિક કાર્નિવલ સ્પર્ધા મનોરંજક અને જ્ઞાનસંપન્ન બની રહેશે. હરિટેજ ફેસ્ટ હરે કૃષ્ણ મુવમેન્ટ દ્વારા વાર્ષિક ઉજવાતો ઉત્કૃષ્ઠ સાંસ્કૃતિક સભર કાર્યક્રમ છે જે આ ટેકનોલોજના યુગને કારણે વિભાજીત થયેલ સસ્કૃતિ સાથે સેતુ બાંધવાનો પ્રયાસ કરે છે, તરુણોને અપરાધવૃતિ પ્રત્યે સભાન બનાવે છે અને બાળકોમાં સારી વૃતિ ધરાવતી જીવનશૈલી પર ભાર મૂકે છે. આ કાર્યક્રમ તેઓને ૩૫ જેટલી સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં ભાગ લેવાની અનન્ય તક પૂરી પાડે છે. જેમકે શાસ્ત્રીય નૃત્ય, કલરીંગ, ડ્રામા, નૃત્ય નાટક, ગીતાનું ગાન, ગીતા શ્લોકનું રટણ, વૈદિક પ્રશ્નોત્તરી, સંગીત સ્પર્ધા અને આવી ઘણી બધી સ્પર્ધાઓ.

તા. ૨૫ ઓગસ્ટ અને ૨૬ ઓગસ્ટ, ૨૦૧૬, શ્રીકૃષ્ણ જન્માષ્ટમી અને નંદોત્સવ તહેવારના પાવન અવસર પર શ્રીકૃષ્ણ કૌસ્ચયુમ અને પૌરાણિક કૌસ્ચયુમ સ્પર્ધા હરે કૃષ્ણ મંદિર, ભાડજ, અમદાવાદ ખાતે યોજવામાં આવશે. સ્પર્ધાના વિજેતાઓને આકર્ષક ઈનામનું વિતરણ કરવામાં આવશે. ટોચની ત્રણ શાળાઓ અને શિક્ષકો જેમણે વિજેતાઓને સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરવા માટેની તાલીમ પૂરી પાડે છે તેઓને ખાસ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. સૌથી વધુ પોઈન્ટસ મેળવનાર શાળા-સંસ્થાને 'હેરિટેજ ફેસ્ટ ટ્રોફી' એનાયત કરવામાં આવશે. સ્પર્ધામાં રજીસ્ટ્રેશન કરાવવા કે કોઈ માહિતીની જાણકારી માટે હરેકૃષ્ણ મંદિર-ભાડજમાં સવારના ૧૦થી સાંજના ૬ વાગ્યા સુધી (સોમવાર થી શુક્રવાર દરમ્યાન) મોબાઈલ નં ૯૯૦૪૨ ૦૩૨૨૩ અને ૯૭૧૪૭ ૩૩૨૨૯ ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

## મગોડીમાં એસએમસી તાલીમ યોજાઈ



ચિલોડા, તા. ૩૦

તાલુકાના મગોડી પ્રાથમિક સાળા ખાતે શાળાની વ્યવસ્થાપન કમિટીનો એક તાલીમ વર્ગ યોજાયો હતો. આ તાલીમ વર્ગમાં ચિલોડા, મગોડી, ઈસનપુર મોટાની શાળાના વ્યવસ્થાપન કમિટીના અધ્યક્ષો અને શિક્ષણવિદ તથા કમિટીના સભ્યો હાજર રહ્યા હતા. આ પ્રસંગે ચિલોડા પ્રા. શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલે શાળાકીય માળખાકીય યોજના ભૌતિક સુવિધા, શિક્ષણ ગુણવત્તા, કન્યાકેળવણી, મહિલા સશક્તિકરણ, એસએમસીની કમિટીની જવાબદારી અને કાર્યો વિશે વિસ્તૃત ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે શિક્ષણની ગુણવત્તા સુધારણામાં શિક્ષકો, કમિટીના સભ્યો, વાલીઓની જાગૃતતા પર વિશેષ ભાર મુક્યો હતો.

## વાચકોને આમંત્રણ
### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

### 'યાદ દાદા-દાદીની'